બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૪)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ ભીમભાઈ - મહારાજને (૧/૬)

➩ મહારાજના પટ્ટાભિષેક પછી ભીમભાઈએ મહારાજને આ લોકની રાજનીતિ કહેતાં કહ્યું નવો રાજા સર્વે બંદીવાન ગુનેગારોને છોડી મૂકે છે. આપ પણ નરકના જીવો છોડાવો.

૨. ➩ મહારાજ - સુરાખાચરને (૧૧/૭૧)

➩ ભીમ પંડ્યા મીણાપરના ગરાસિયાની માણકી મહારાજને અર્પણ કરવા આવતા હતા ત્યારે

૩. ➩ મુક્તાનંદ સ્વામી - ગુણાતીતાનંદ સ્વામીને (૨૩/૧૧૯)

➩ એક હરિભક્તે મહારાજને કામળી ઓઢાડવા આવ્યા ત્યારે મહારાજ આ ધાબળો ઓઢતા હતા અને કોઈને આપતા ન હતા ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શ્રીજીમહારાજે સુંદરજી સુથારને પાછા બોલાવ્યા. (૩/૨૪)

મહારાજે કચ્છના સુંદરજી સુથારને સાધુ કર્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : આખા કચ્છમાં ઉપાધિ થશે. આપણે ઊતરવાનું અને નિર્વિઘ્ન રહી સત્સંગ કરાવવાનું એક જ સ્થાન હતું. તે બેસવાની ડાળી કપાઈ ગઈ એટલે મહારાજે સુંદરજીને પાછા બોલાવ્યા.

૨. શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો લખવાની આજ્ઞા કરી. (૧૬/૯૧)

કારણ કે તે સમયે લગ્નના ગીતોમાં ગાળ-ગલીચ અને અપશબ્દો આવતા હતા. તે ગીતો મહારાજે ગાવાના બંધ કરાવ્યા. અને સંતકવિઓને (મુક્તાનંદ ને પ્રેમાનંદ સ્વામીને) રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કરી. તેથી તે ગીતો લગ્નમાં ગવાય.

૩. દાદાખાચર અને તેમના બહેનોએ અન્નજળનો ત્યાગ કર્યો. (૨૪/૧૩૧)

જીવા ખાચરે ટેકરાની જમીન આપવાની ના પાડતાં મહારાજ સારંગપુર ગયા. ત્યાં મંદિર બનાવવાની સર્વ રીતે સાનુકૂળતા થતાં મહારાજે ત્યાં મંદિર કરવાનું નક્કી કર્યું. આ વાતની ખબર પડતાં દાદાખાચર અને બહેનોએ મહારાજ ગઢડા પાછા આવી ગઢડામાં જ મંદિર કરે તે માટે અન્નજળનો ત્યાગ કર્યો.

**પ્ર.૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.(વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. મૂળજી ભક્તનો મહિમા (૭/૪૧)**

૧. મહારાજ સાકરબાને મૂળજીનો મહિમા કહેતાં કહે છે આ મૂળજી અમારે રહેવાનું ધામ, અનાદિ અક્ષરબ્રહ્મ છે.

૨. તે અમારી સાથે બંધાયા છે, અમે એમની સાથે સતત બંધાઈ રહ્યા છીએ.

૩. અનંત બ્રહ્માંડોને ધરી રહેલા મૂળજી તો મૂળ માયા, મૂળ પુરુષ, તે સર્વેથી પર, અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત, સચ્ચિદાનંદ રૂપ છે.

૪. મૂળજીના સંબંધથી જે જીવ શુદ્ધ બ્રહ્મરૂપ થાય છે ત્યારે જ તે આત્યંતિક મુક્તિને પામે છે.

૫. ધામરૂપ મૂળજી નિર્ગુણ, ગુણાતીત, જ્યોતિરૂપ, અમારી મૂર્તિ અને અનંત મુક્તોને ધરી રહ્યા છે.

૬. અમારી સમીપે અખંડ અમારી સેવામાં મૂર્તિમાન સ્વરૂપે સદા રહે છે.

૭. મૂળજી કર્તા થકા અકર્તા કહેતાં સર્વથી અલિપ્ત છે.

૮. અક્ષરરૂપ થાય તેને જ પુરુષોત્તમનો મહિમા જેમ છે તેમ સમજાય છે.

**(નોંધ : ૩ થી ૮ નંબરના વાક્યોમાંથી કોઈપણ ત્રણ વાક્યો પરીક્ષાર્થીએ લખ્યા હોય તો સાચું આપવું.)**

**૨. સહજાનંદી થવું (૧૯/૧૦૨)**

૧. સમગ્ર ત્યાગી વર્ગાને શ્રીજીમહારાજે બાર સદ્‌ગુરુની છત્રછાયામાં વહેંચી દીધો હતો.

૨. ત્યાગી પોતે જે સદ્‌ગુરુની છત્રછાયામાં હોય તે રીતે પોતાને ઓળખાવતા. જેમકે મુક્તાનંદી, બ્રહ્માનંદી વગેરે
૩. આ એક દૂષણ જેવું હોવાથી મહારાજે તેના ઉપાયરૂપે સમૈયામાં દરેક ત્યાગીને સભામાં વારાફરતી પૂછે 'તમે કોના શિષ્ય ?'
૪. સૌએ વારાફરતી પોતાના સદ્‌ગુરુનાં નામ આપ્યા.
૫. મહારાજે તરત ટકોર કરી કે 'સહજાનંદી કોઈ નથી.' ને દરેકની આંખ ઊઘડી ને બધા પોતાને સહજાનંદી જ ગણવા લાગ્યા.

**૩. મીઠા વ્હાલા કેમ વિસરું (૨૯/૧૫૧)**

૧. ભારે હૈયે બ્રહ્માનંદ સ્વામીએ સ્વામીને સમાચાર આપ્યા કે મહારાજ ગઢડા તેડાવે છે.
૨. સ્વામી જોડિયા સાધુને સાથે લઈને રોજના ચાલીસ ગાઉં ચાલીને મહારાજ પાસે ગઢડા આવ્યા.
૩. મહારાજ સ્વામી સામે દૃષ્ટિ કરી બોલ્યા :
''મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો, તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો.''
૪. મહારાજ આરામ કરે એ વિચારથી સ્વામીએ રજા લીધી.
૫. મહારાજ રોજ શિરા-પૂરીના થાળમાંથી થોડું જમી સ્વામીને પ્રસાદી આપી દેતા.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. 'જય સદ્‌ગુરુ સ્વામી........' આરતી આ.સં. ૧૮૫૯ના કાર્તિક સુદ દશમીના દિવસે કાલવાણીમાં બનાવી હતી. (૨/૧૬)
૨. લીમલીમાં શ્રીજીમહારાજે મૂળજીશેઠના ઘરવાળાને દેખતા કર્યાં. (૧૦/૬૫)
૩. રાઈબાઈની વિનંતીથી મહારાજે સંતોને ખટરસનાં વર્તમાન મહારાજે મુકાવ્યાં. (૧૨/૮૨)
૪. શ્રીજીમહારાજ માટે આત્મારામ દરજીએ સુંદર ડગલી બનાવી. (૨૮/૧૪૧)
૫. શ્રીજીમહારાજે અંગ્રેજ કલેક્ટર ડનલોપ સાહેબની વાઘથી રક્ષા કરી. (૧૭/૯૫)

**પ્ર.૫ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું - ✗** (૫/૩૨) જ. લાડુબા, જીવુબાનો નિયમ સચવાય તે માટે શ્રીજીમહારાજે ગઢડામાં 'વાસુદેવ નારાયણ' પધરાવ્યા.
૨. **ખોટું - ✗** (૧૩/૮૨) જ. શ્રીજીમહારાજે જાળિયામાં હીરા ઠક્કરને ત્યાં મંદવાડ ગ્રહણ કર્યો.
૩. **ખોટું - ✗** (૨૧/૧૧૧) જ. અમદાવાદમાં મંદિર કરવા માટે કલેક્ટર ડનલોપ સાહેબે જમીન આપી.
૪. **ખરું - ✓ અથવા ખોટું - ✗** (૨૭/૧૩૯)
જ. જૂનાગઢમાં શ્રીજીમહારાજે રાધારમણદેવ, રણછોડત્રિકમ અને સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા.
૫. **ખરું - ✓** (૨૯/૧૫૨)

**પ્ર.૬ નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. કારિયાણી (૪/૨૯) ૨. વિજયદેવ (૧૩/૮૭) ૩. મૂળજી શેઠને (૯/૫૮)
૪. શિખા (૧૮/૧૦૨) ૫. બ્રહ્માનંદ સ્વામી (૨૬/૧૩૬)

**(વિભાગ - ૨ : 'સત્સંગ વાચનમાળા ભાગ - ૨', આઠમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ સયાજીરાવ ગાયકવાડ - વડોદરાનાં વિદ્વાનોને (૧/૬)
➩ સયાજીરાવ ગાયકવાડના વિદ્વાનો અમદાવાદની વિદ્વત્‌સભામાં ભાગ લેવા સયાજીરાવની અનુમતી લેવા ગયા. ત્યારે ગાયકવાડે કહ્યું 'તે સભામાં નિત્યાનંદ સ્વામી હશે' ત્યારે પંડિતોએ કહ્યું 'તે સભામાં નિત્યાનંદ સ્વામી આવવાના નથી.' આથી ગાયકવાડ સરકાર આનો મર્મ સમજી ગયા અને વિદ્વાનોને રજા આપીને ઉપરનું વાક્ય કહ્યું.
૨. ➩ ગુણાતીતાનંદ સ્વામી - હરિભક્તોને (૮/૬૨)
➩ જૂનાગઢથી સ્વામી વિચરણમાં નીકળ્યા ત્યારે મેવાસા પધાર્યાં. તેઓને ગોંડલ જવાની ઉતાવળ હતી. છતાં હરિભક્તોના અપાર પ્રેમને વશ થઈ બપોરે જમવાની હા પાડતાં કહે છે.
૩. ➩ જૂનાગઢના નવાબ - ગ્વાલિયરના ગવૈયાઓને (૨/૧૪)
➩ જૂનાગઢના નવાબે પ્રેમાનંદ સ્વામીનું સંગીત સાંભળ્યું, ત્યારથી નવાબને એમ થઈ ગયું કે દુનિયામાં આવું રૂહાની (આત્માનું) સંગીત ક્યાંય હોઈ શકે નહિ. તેથી ગ્વાલિયરના ગવૈયાઓને ના પાડી દીધી.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વિઠ્ઠલાનંદ અને બાળાનંદ નામના બે સંતોએ લાખા પટેલની વાડીમાં લીમડાના છોડને જોઈને કહ્યું : 'આ લીમડા નીચે

ભગવાન બેસશે. તે સાંભળી એભલ ખાચર તે લીમડાનો છોડ માગી લાવ્યા. (૫/૩૩)

૨. મૂળજી બ્રહ્મચારીએ મહારાજને પ્રાર્થના કરી કે હે મહારાજ ! હવે મને ધામમાં તેડી જાઓ. ત્યારે મહારાજે કહ્યું : 'તમે આ મંદિર છોવરાવો. તે પૂરું થયે ધામમાં લઈ જઈશું. તેથી મૂળજી બ્રહ્મચારીએ મંદિર છોવરાવવાનું કામ શરૂ કર્યું. (૩/૨૫)

૩. મહારાજ જીવુબાને ત્યાં વધારે જમે તો લાડુબાનું મન દુખાય. લાડુબાને ત્યાં વધારે જમે તો જીવુબાનું મન દુખાય. તેથી બંને બહેનોના ત્યાં એક એક પક્ષ જમવું. તેમાં પણ તિથીની વધ-ઘટ થાય તેથી બહેનોને સંતોષ થતો નહિ. તેથી દસ દસ દિવસના વારા ગોઠવ્યા. (૬/૪૩)

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવા માટે મુક્તરાજ શ્રીજાગા ભક્તનો સંકલ્પ (૭/૫૩ થી ૫૫)**

જ. **ફક્ત નંબર :- ૧, ૩, ૬, ૭, ૧૦.**

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સૌ સૌની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે. **અથવા**
દુર્જન પોતાની પ્રકૃતિ છોડતા નથી તો સજ્જને પણ પોતાની પ્રકૃતિ છોડવી નહિ. (૪/૨૯)

૨. નિષ્કુળાનંદ સ્વામી કીર્તનો રચી વિષયના મૂળિયાં કાપે છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતોએ કરીને કાપે છે. **અથવા**
ગુણાતીતાનંદ સ્વામીને શાસ્ત્રની તંતી આડી આવતી નથી. (૧/૭)

૩. પ્રેમાનંદ સ્વામીના બીજા નામ નિજબોધાનંદ સ્વામી અને પ્રેમસખી હતાં. (૨/૧૨)

૪. કૃષ્ણજી અદાએ હિમરાજભાઈ સાથેનો સંબંધ સદાને માટે કાપી નાખ્યો. (૮/૬૪)

૫. હું તો પતિવ્રતા છું એટલે તમે સૌ જો ધર્મ રાખશો તો હું રહીશ. (૬/૪૨)

**પ્ર.૧૧ વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. નિત્યાનંદ સ્વામી (૧/૮) | ૩ | ૧. નિર્દોષભાવની ભક્તિ |
| ૨. પ્રેમાનંદ સ્વામી (૨/૧૬) | ૫ | ૨. મછિયાવ |
| ૩. દાદાખાચર (૫/૩૭) | ૧ | ૩. વૈકુંઠ દર્શન |
| ૪. મૂળજી બ્રહ્મચારી (૩/૨૧) | ૨ | ૪. આત્મનિષ્ઠા |
| ૫. અયોધ્યાપ્રસાદજી (૪/૨૭) | ૪ | ૫. ધ્યાનમંજરી |

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૨ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. શ્રીજીમહારાજના મંદિર પરંપરાના વાહક - પ્રમુખસ્વામી મહારાજ :-**

૧. પંચાળામાં મહારાજે કરેલો સંકલ્પ

૨. શ્રીજીમહારાજ મંદિર નિર્માણના હિમાયતી - ત્યાગનો પક્ષ મોળો કરીને ઉપાસના માટે, ભક્તિ માટે મંદિર નિર્માણનું કાર્ય

૩. શ્રીજીમહારાજનું કાર્ય આગળ ધપાવતા શાસ્ત્રીજી મહારાજ - અક્ષરપુરુષોત્તમ દેવની મધ્ય મંદિરમાં સ્થાપના

૪. યોગીજી મહારાજ દ્વારા વિદેશમાં શુદ્ધ ઉપાસનાના મંદિરોનું નિર્માણ

૫. વર્તમાનકાળે શ્રીજીમહારાજ જેવી જ મંદિર નિર્માણની પ્રવૃત્તિ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા દેશ-વિદેશમાં ચાલુ - અનેક સંસ્કારધામો, હરિમંદિરો, શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ.

૬. લંડનનું મંદિર, ગાંધીનગર તથા દિલ્હીનું અક્ષરધામ - વિદેશોમાં વિશાળ ભવ્ય મંદિરોનું નિર્માણ - સ્વામીશ્રીનો મંદિર નિર્માણ માટે વિશ્વવિક્રમ - સંસ્થાને તેમજ સ્વામીશ્રીને ગ્રીનીઝ બુક ઓફ ધ વર્લ્ડમાં સ્થાન - આ પ્રવૃત્તિ દ્વારા

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનનો ફેલાવો.

૭. આમ શ્રીજીમહારાજની મંદિર નિર્માણ પરંપરાને સ્વામીશ્રીએ જાળવી રાખી છે તેથી સ્વામીશ્રી શ્રીજીમહારાજના મંદિર પરંપરાના વાહક છે. - ઉપસંહાર

**૨. B.A.P.S. શતાબ્દી મહોત્સવ - અમદાવાદ :**

૧. શ્રીજીમહારાજ દ્વારા સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં - સત્સંગમાં મંદિર નિર્માણની પ્રવૃત્તિની શરૂઆત અમદાવાદથી.

૨. અમદાવાદમાં નર-નારાયણ દેવ દ્વારા અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગૂઢ સંદેશો

૩. શાસ્ત્રીજી મહારાજ દ્વારા તેનું સંશોધન અને સત્યતાની ચકાસણી બાદ સૌ પ્રથમ બોચાસણ મંદિરનું નિર્માણ.

૪. ઉત્તરોત્તર પૂજ્ય યોગીજી મહારાજ અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આ પ્રવૃત્તિને મળેલો વેગ - વિશ્વવ્યાપી સંસ્થાનું સ્વરૂપ.

૬. B.A.P.S. દ્વારા મોટા સમૈયા-ઉત્સવો અમદાવાદમાં ૧૯૮૧, ૧૯૮૫, ૧૯૯૨ના સમૈયા અમદાવાદ તથા ગાંધીનગરમાં.

૫. B.A.P.S. સંસ્થાના પ્રમુખ તરીકે પ્રમુખ સ્વામી મહારાજની નિમણૂક શાસ્ત્રીજી મહારાજે અમદાવાદમાં ચાદર ઓઢાડીને કરી - અમદાવાદ એ સત્સંગનું કેન્દ્રસ્થાન.

૭. તેથી શતાબ્દી મહોત્સવની ઉજવણી અમદાવાદમાં દેશ-વિદેશના કેન્દ્રોમાં પ્રતીક ઊજવણી - પરંતુ અમદાવામાં મુખ્ય ઉત્સવ.

૮. અમદાવાદ શહેરનાં મોટા ભાગ્ય - સ્થાનિક સંતો હરિભક્તો સેવામાં સર્મપિત - આજ્ઞામાં ટૂક ટૂક ઉત્સાહભેર ઉજવણી માટે કટિબદ્ધ - વિદેશથી પણ મોટી સંખ્યામાં હરિભક્તોનું અમદાવાદમાં આગમન - ઉપસંહાર

**૩. B.A.P.S. પોષક શાસ્ત્ર - વચનામૃત :**

૧. પૂર્વભૂમિકા : પોષક શબ્દની સમજૂતી.

૧. B.A.P.S. એટલે બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા - આ સંસ્થાનો સિદ્ધાંત - 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી' (લો.૧૨) પુરુષોત્તમનારાયણની ભક્તિનો અધિકાર પણ જે બ્રહ્મરૂપ થાય તેને જ મળે છે. (લો.૭)

૨. જે દેવ અથવા ઈશ્વરની ઉપાસના કરે તેને તે દેવના અથવા ઈશ્વરના ધામની પ્રાપ્તિ થાય - પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે તે અક્ષરધામમાં જાય.

૩. વચનામૃત ગ.પ્ર.૨૧માં અક્ષરના બે સ્વરૂપની વાત - ગ.પ્ર.૭૧ માં શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ સાથે લઈને જ પધારે છે તે વાત કરી છે.

૪. આ ઉપરાંત અક્ષરરૂપ થઈને પુરુષોત્તનારાયણની ભક્તિ કરવી એ જ 'ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય' ની વાત મહારાજે લો. ૧૨માં કરી.

૫. આ વચનામૃત શાસ્ત્ર એ B.A.P.S.ની શુદ્ધ ઉપાસનાનું પોષક - ઉપસંહાર

❑ ❑ ❑